# ૮ સપ્ટેમ્બર સુધીમાં સ્વ-મૂલ્યાંકન નહીં કરનાર શાળાનું સીધું બાહ્ય મૂલ્યાંકન

**ગુજરાતની** ૭૬ ટકા શાળાઓએ પ્રક્રિયા પૂર્ણ કરી; ૨,૭૧૪ શાળાઓએ હજુ શરૂઆત પણ કરી નથી

**સમયમર્યાદા** બાદ કોઈ છૂટછાટ નહીં, નિયમો હેઠળ માન્યતા રદ-સસ્પેન્ડ કરવા સુધીની કાર્યવાહી

ગાંધીનગરઃ ગુજરાતની શાળાઓ માટે ગુણવત્તા ચકાસણીની પ્રક્રિયા હવે વધુ કડક બનશે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ અંતર્ગત અમલમાં મૂકાયેલા ગુજરાત શાળા ગુણવત્તા મૂલ્યાંકન અને માન્યતા માળખા હેઠળ ઓનલાઈન સ્વ-મૂલ્યાંકન પૂર્ણ કરવાની મુદત ૩૧ ઓગસ્ટથી લંબાવીને હવે ૮ સપ્ટેમ્બર કરવામાં આવી છે. જોકે, આ અંતિમ મુદતમાં પણ સ્વ-મૂલ્યાંકન પૂર્ણ નહીં કરનારી શાળાઓને ફરી તક આપવામાં નહીં આવે અને શિક્ષણ વિભાગ દ્વારા નિયુક્ત નિષ્ણાત ચકાસણીકારો મારફતે તેમનું સીધું બાહ્ય મૂલ્યાંકન કરવામાં આવશે. રાજ્યની આશરે ૫૪ હજાર સરકારી, અનુદાનિત અને ખાનગી શાળાઓમાં અમલમાં મૂકાયેલા આ માળખા હેઠળ ૧ સપ્ટેમ્બર સુધીમાં ૪૦,૬૭૮ એટલે કે ૭૬ ટકા શાળાઓએ સ્વ-મૂલ્યાંકનની કામગીરી પૂર્ણ કરી લીધી છે. જ્યારે ૧૦,૨૭૮ એટલે કે ૧૯ ટકા શાળાઓમાં કામગીરી હજુ ચાલી રહી છે. માત્ર ૨,૭૧૪ એટલે કે પાંચ ટકા શાળાઓએ આ પ્રક્રિયા શરૂ કરવાની બાકી છે. શાળાઓ, શિક્ષક સંઘો અને સંચાલક મંડળોની રજૂઆતો તથા તહેવારોની રજાઓને ધ્યાનમાં રાખીને સમયમર્યાદા લંબાવવામાં આવી છે.

### નિયમો હેઠળ માન્યતા રદ-સસ્પેન્ડ કરવા સુધીની કાર્યવાહી

૮ સપ્ટેમ્બરની સુધારેલી સમયમર્યાદા સુધીમાં સ્વ-મૂલ્યાંકન પૂર્ણ નહીં કરનારી શાળાઓ સામે કાર્યવાહીનો માર્ગ પણ સ્પષ્ટ કરવામાં આવ્યો છે. આવી શાળાઓનું સીધું બાહ્ય મૂલ્યાંકન હાથ ધરાશે. શિક્ષણ સુધારાની આ પ્રક્રિયામાં જોડાવામાં નિષ્ફળ રહેનારી શાળાઓ સામે સંબંધિત કાયદા અને નિયમો હેઠળ માન્યતા રદ કે સસ્પેન્ડ કરવા સહિતનાં પગલાં લેવામાં આવી શકે છે.

### પ્રાથમિકથી ઉચ્ચતર માધ્યમિક સુધી નિયમો લાગુ

ધોરણ ૧થી ૮ની પ્રાથમિક શાળાઓ માટે શિક્ષણના અધિકારના નિયમો અને ગુજરાત પ્રાથમિક શિક્ષણ અધિનિયમ હેઠળ જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી દ્વારા માન્યતા કાયમી ધોરણે રદ કરવાની કાર્યવાહી થઈ શકે છે. જ્યારે ધોરણ ૯થી ૧૨ની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ માટે નોંધણી પ્રમાણપત્ર રદ અથવા સસ્પેન્ડ કરવા, બોર્ડ પરીક્ષા કેન્દ્ર તરીકેની માન્યતા રોકવા તેમજ નવા વર્ગો કે નવા પ્રવાહ શરૂ કરવાની મંજૂરી સ્થગિત કરવા જેવા પગલાં લેવાઈ શકે છે.

### માત્ર પરિણામ નહીં, શાળાની સમગ્ર ગુણવત્તાની ચકાસણી

શાળાનું વહીવટ, અભ્યાસક્રમ, સર્વગ્રાહી મૂલ્યાંકન, માળખાકીય સુવિધાઓ, સર્વસમાવેશક શિક્ષણ પદ્ધતિ, નેતૃત્વ સહિતના વિવિધ પાસાંની વ્યાપક ગુણવત્તા ચકાસણી કરવામાં આવશે. શિક્ષણ વ્યવસ્થામાં વધુ પારદર્શિતા અને જવાબદારી લાવવાના હેતુથી શરૂ કરાયેલી આ પ્રક્રિયામાં ૮ સપ્ટેમ્બર બાદ કોઈ છૂટછાટ આપવામાં નહીં આવે તેવી સ્પષ્ટતા કરવામાં આવી છે.

# ગુજરાતમાં રોકાણ આકર્ષવા મુખ્યમંત્રીનો આજે મુંબઈમાં ઉદ્યોગકારો સાથે સીધો સંવાદ

**મુંબઈમાં** રોડ શો પણ કરાશે, 'ધ તાજ મહલ પેલેસ' ખાતે વિદેશી કોન્સલ જનરલ્સ અને અગ્રણી ઉદ્યોગકારો સાથે બેઠક કરાશે

ગાંધીનગરઃ વાઈબ્રન્ટ ગુજરાત વૈશ્વિક શિખર સંમેલન-૨૦૨૭ માટે ગુજરાતે હવે મુંબઈના ઉદ્યોગજગત પર નજર કેન્દ્રિત કરી છે. નવી દિલ્હીમાં સફળ પ્રારંભિક કાર્યક્રમ બાદ આવતીકાલે, તા. ૩ સપ્ટેમ્બરે મુંબઈના કોલાબા સ્થિત 'ધ તાજ મહલ પેલેસ' ખાતે ગુજરાત સરકાર દ્વારા વિશેષ રોડ-શો યોજાશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી આ કાર્યક્રમમાં વિવિધ દેશોના કોન્સલ જનરલ્સ તથા દેશના અગ્રણી ઉદ્યોગપતિઓ સાથે સીધો સંવાદ કરીને ગુજરાતમાં રોકાણની નવી તકો, ઉદ્યોગોના વિસ્તરણ અને વ્યૂહાત્મક ભાગીદારી માટે આમંત્રણ આપશે.

રોડ-શો દરમિયાન ગુજરાતના ઔદ્યોગિક વિકાસ, આધુનિક માળખાકીય સુવિધાઓ, રોકાણલક્ષી નીતિઓ તથા ટકાઉ અને ટેક્નોલોજી આધારિત વિકાસની તકોનું પ્રસ્તુતીકરણ કરવામાં આવશે.

ઉદ્યોગ અને ખાણ વિભાગના અધિક મુખ્ય સચિવ દ્વારા વાઈબ્રન્ટ ગુજરાત વૈશ્વિક શિખર સંમેલન-૨૦૨૭ અંગે રજૂઆત કરવામાં આવશે, જ્યારે અગ્રણી ઉદ્યોગપતિઓ ગુજરાત સાથેના પોતાના અનુભવો પણ રજૂ કરશે.

### ૨૫થી વધુ અગ્રણી કંપનીઓના વડાઓ સાથે વન-ટુ-વન બેઠક

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ રોડ-શો પૂર્વે રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ, ટાટા ટ્રસ્ટ્સ, મહિન્દ્રા ગ્રુપ, એએમ/એનએસ ઇન્ડિયા, એસટીટી ગ્લોબલ ડેટા સેન્ટર્સ ઇન્ડિયા, ગોદરેજ ઇન્ડસ્ટ્રીઝ, સિપ્લા, સન ફાર્મા, લાર્સન એન્ડ ટુબ્રો, આદિત્ય બિરલા ગ્રુપ, નાયરા એનર્જી, પિરામલ ગ્રુપ, આરપીજી એન્ટરપ્રાઇઝિસ સહિત ૨૫થી વધુ અગ્રણી કંપનીઓ અને સંસ્થાઓના પ્રતિનિધિઓ સાથે વ્યક્તિગત બેઠકો કરશે.

# અમરેલી લેટરકાંડમાં પાયલ ગોટીને ૭.૫૦ લાખનું વળતર ચૂકવવાનો આદેશ

**ગોટીની** ધરપકડ બાદ તેનું સરઘસ કાઢવાની ઘટનાને માનવ અધિકાર ઉલ્લંઘન ગણાવી પંચ સમક્ષ રજૂ કરાયો હતો

ગાંધીનગરઃ અમરેલી લેટરકાંડમાં પાયલ ગોટીની ધરપકડ બાદ જાહેરમાં સરઘસ કાઢવાના મામલે રાષ્ટ્રીય માનવ અધિકાર પંચે સમગ્ર ઘટનાને માનવ અધિકારના ઉલ્લંઘન તરીકે ગણાવી ગુજરાત સરકારને પાયલ ગોટીને રૂ. ૭.૫૦ લાખનું વળતર ચૂકવવાનો આદેશ કર્યો છે.પાયલ ગોટીની ધરપકડ, પોલીસ કસ્ટડી દરમિયાન કથિત શારીરિક-માનસિક યાતના તેમજ જાહેરમાં પરેડ કરાવવાની કાર્યવાહી અંગેની રજૂઆતોની સુનાવણી બાદ પંચે રાજ્ય સરકારને વળતર ચૂકવવા આદેશ કર્યો હોવાનું સામે આવ્યું છે.

આ અંગ મળતી માહિતી પ્રમાણે આ સમગ્ર મામલે રાષ્ટ્રીય માનવ અધિકાર પંચની ત્રણ સભ્યોની ખંડપીઠ સમક્ષ સુનાવણી હાથ ધરવામાં આવી હતી. સુનાવણી દરમિયાન બંને પક્ષોની દલીલો સાંભળવામાં આવી હતી. પાયલ ગોટીની ધરપકડ બાદ તેને જાહેરમાં સરઘસ સ્વરૂપે લઈ જવાની ઘટનાને લઈને માનવ અધિકારના ઉલ્લંઘનનો મુદ્દો પંચ સમક્ષ રજૂ કરવામાં આવ્યો હતો. સુનાવણી બાદ પંચે પાયલ ગોટીની ધરપકડ અને ત્યારબાદ જાહેરમાં પરેડ કરાવવાની કાર્યવાહી અંગે ગંભીર નોંધ લીધી હતી. પંચ સમક્ષ એવી રજૂઆત કરવામાં આવી હતી કે પોલીસની કાર્યવાહીથી પાયલ ગોટીને માનસિક તેમજ સામાજિક રીતે ભારે અસર થઈ હતી. આ ઉપરાંત પોલીસ કસ્ટડી દરમિયાન શારીરિક અને માનસિક યાતના આપવામાં આવી હોવાના આક્ષેપો પણ કરવામાં આવ્યા હતા. માનવ અધિકારના ઉલ્લંઘન બદલ પીડિતાને વળતર આપવાનો નિર્ણય લેતાં પંચે ગુજરાત સરકારને રૂ. ૭.૫૦ લાખ ચૂકવવાનો આદેશ કર્યો છે.

# બિહારના મંત્રી સંજય સિંહે દિલ્હીની ફાઈવ સ્ટાર હોટેલમાં જઈને મોટો કાંડ કર્યો



ટુ ધ પોઈન્ટ ▪ સંજય વોરા ▪

આપણા દેશના રાજકારણીઓ ટી.વી.ના પડદા પર જેટલાં રૂડાંરૂપાળાં અને ચોખ્ખાં દેખાતાં હોય છે, તેવાં તેઓ ખાનગી જીવનમાં હોતાં નથી. રાજકારણીઓ અને ફિલ્મસ્ટારોનું અંગત જીવન ગંદકીથી ભરેલું હોય છે, જેની આપણને ક્યારેક જાણ થઈ જતી હોય છે. ભારતની રાજધાની નવી દિલ્હીની ફાઇવ સ્ટાર હોટેલમાં તાજેતરમાં એક એવી રોમાંચક ઘટના બની, જેના પડઘા દિલ્હી, પટના અને ભારતભરમાં સંભળાઈ રહ્યા છે. બિહારના એક યુવાન પ્રધાનશ્રી સંજય સિંહ અને લાલુપ્રસાદ યાદવના પનોતા પુત્ર તેજપ્રતાપ યાદવ પોતાના કેટલાક મિત્રો સાથે દિલ્હીની ફાઇવ સ્ટાર હોટેલમાં પાર્ટી કરવા ગયા. પાર્ટીમાં બધાએ ચિક્કાર દારૂ પીધો. પાર્ટી પૂરી થઈ તે પછી તેજપ્રતાપ યાદવ પ્રધાનશ્રી સંજય સિંહને હોટેલના એક આલિશાન કમરામાં લઈ ગયા. કમરામાં તેજપ્રતાપની ગર્લફ્રેન્ડ મોનિકા મણિ પણ હાજર હતી. નશામાં ચકચૂર સંજય સિંહે મોનિકાને આશ્લેષમાં જકડી લીધી અને તેની સાથે બળાત્કાર કરવાની કોશિશ કરી. ગભરાઈ ગયેલી મોનિકાએ બૂમાબૂમ કરી અને સંજય સિંહને ચપ્પલ વડે ફટકાર્યો. આ બૂમાબૂમ સાંભળી હોટેલનો સ્ટાફ આવી ગયો અને તેમણે મોનિકાને બચાવી. આ દરમિયાન તેજપ્રતાપે પોતાના મોબાઈલ વડે આખી ઘટનાનું વીડિયો રેકોર્ડિંગ કરી લીધું. ગભરાઈ ગયેલા સંજય સિંહે હોટેલના સ્ટાફને લાખો રૂપિયા ખવડાવી મામલો દબાવી દેવાના પ્રયત્નો કર્યા, પણ તેજપ્રતાપ યાદવે તેમનો ભાંડો ફોડી કાઢ્યો. તેજપ્રતાપ હવે તેમની પાસેનો વીડિયો વાઇરલ કરવાની ધમકી આપી રહ્યા છે.

દરમિયાન એવું બહાર આવ્યું છે કે તેજપ્રતાપની ગર્લફ્રેન્ડ મોનિકા મણિ મિસીસ ઇન્ડિયાનો ખિતાબ પણ જીતી ચૂકી છે. બ્યુટી કોન્ટેસ્ટોમાં ભાગ લેનારી યુવતીઓ આવી રીતે જ કોલગર્લના વ્યવસાયમાં આવી જતી હોય છે. કહેવાય છે કે તેજપ્રતાપે પોતાના રાજકીય વિરોધી સંજય સિંહને હનીટ્રેપ કરવા માટે મોનિકા મણિનો ઉપયોગ કર્યો હતો. સંજય સિંહ બિહારમાં મંત્રી છે અને ચિરાગ પાસવાનના પક્ષના સભ્ય છે. તેમનું ભોપાળું બહાર આવી ગયું છે. જો ભીનું સંકેલી લેવામાં નહીં આવે તો તેમણે મંત્રીપદ ગુમાવવું પડશે અને જો તેજપ્રતાપ યાદવની ગર્લફ્રેન્ડ તેમની સામે છેડતી તથા બળાત્કારની ફરિયાદ કરે તો કદાચ તેમણે જેલના સળિયા પણ ગણવા પડશે.

દિલ્હીની એક હોટલમાં ચપ્પલની ઘટના અંગે બિહાર સરકારના મંત્રી સંજય સિંહ અને તેજપ્રતાપ સિંહ વચ્ચેનો વિવાદ ચાલુ જ છે. તેજપ્રતાપના આરોપોને કારણે સંજય સિંહે તેમની બદનક્ષી કરવા બદલ તેજપ્રતાપ યાદવને ૫૦ કરોડ રૂપિયાની માનહાનિની નોટિસ ફટકારી છે. મોનિકા મણિ કહે છે કે તેજપ્રતાપ અને તેનો મિત્ર હોટલના રૂમમાં ઘૂસી ગયા હતા. તેમણે અપશબ્દોનો ઉપયોગ કર્યો હતો. હોટલ મેનેજમેન્ટને ફોન કરવાની ધમકી આપ્યા પછી જ તેઓ ત્યાંથી નીકળી ગયા હતા. મોનિકાએ એક ઇન્ટરવ્યુમાં આ વાત કહી હતી. મોનિકાએ કહે છે કે તેજપ્રતાપ યાદવ સાથે મારો કોઈ ગાઢ કે પારિવારિક સંબંધ નથી. તે માત્ર એક રાજકીય સંબંધ છે. અમે તેમની પાર્ટીમાં જોડાયા હતા. દહીં-ચુડાના પ્રસંગે અમે તેમનું આમંત્રણ સ્વીકાર્યું હતું.

મોનિકા મણિ બિહારના મુઝફ્ફરપુરની રહેવાસી છે. તે ૨૦૧૭ની મિસિસ ઈન્ડિયા સ્પર્ધામાં બીજા ક્રમે રહી હતી અને તેણે મિસિસ બિહારનો ખિતાબ જીત્યો છે. માર્ચ ૨૦૨૬માં, તે તેજપ્રતાપની પાર્ટી જેજેડીમાં જોડાઈ હતી. મોનિકાએ કહ્યું કે હું પહેલેથી જ દિલ્હીમાં હતી. થોડા દિવસો પહેલાં તેજપ્રતાપના નાના ભાઈ તેજશ્વીના દીકરાની જન્મદિવસની પાર્ટી હતી. હું તે પાર્ટીનો ભાગ હતી, તેથી આમંત્રણ મળ્યા પછી હું પાર્ટીમાં ગઈ હતી. જ્યારે હું ત્યાં ગઈ ત્યારે અભદ્ર ઘટના બની હતી. તેજપ્રતાપ સાથે બીજું કોઈ હતું. તે સમયે તેમનો ભોજપુરી બાવલ કાર્યક્રમ ચાલી રહ્યો હતો. મને તેમાં કામ કરવાની ઓફર કરવામાં આવી હતી, પરંતુ મેં ના પાડી દીધી. મેં સ્પષ્ટપણે કહ્યું કે અમે JJD માટે કામ કરી રહ્યા છીએ. મને ફિલ્મોમાં રસ નથી. તે પછી સંજય સિંહ અને તેજપ્રતાપ મારા રૂમમાં ઘૂસવા લાગ્યા. અપશબ્દોનો ઉપયોગ કરવામાં આવ્યો.

આ સમગ્ર વિવાદ તેજપ્રતાપ યાદવની એક સોશિયલ મીડિયા પોસ્ટથી શરૂ થયો હતો, જેમાં તેમણે આરોપ લગાવ્યો હતો કે બિહારના પ્રધાન સંજય કુમાર સિંહે દિલ્હીની મુલાકાત દરમિયાન એક ઉચ્ચ કક્ષાની હોટેલમાં એક મહિલા કર્મચારી સાથે કથિત રીતે અભદ્ર વર્તન કર્યું હતું. પોસ્ટમાં તેમણે મંત્રી પર મહિલાનું શોષણ કરવાનો પ્રયાસ કરવાનો આરોપ પણ લગાવ્યો હતો. તેજ પ્રતાપે આ મામલાને ગંભીર ગણાવતા સરકાર અને વહીવટીતંત્ર પાસેથી નિષ્પક્ષ અને ઉચ્ચ સ્તરીય તપાસની માંગણી કરી હતી. તેજપ્રતાપે પોતાની સોશિયલ મીડિયા પોસ્ટમાં વધુ એક ગંભીર દાવો કર્યો છે. તેમણે આરોપ લગાવ્યો છે કે કેસને દબાવવા માટે કથિત રીતે ૨૫ લાખ રૂપિયાનો વ્યવહાર કરવામાં આવ્યો હતો. તેજપ્રતાપે આ સમગ્ર મામલાની સત્યતાનો પર્દાફાશ કરવાની પ્રતિજ્ઞા લીધી હતી. તેજપ્રતાપના આરોપો બાદ સંજય કુમાર સિંહે પણ વળતો પ્રહાર કર્યો. તેમણે તેમને પડકાર ફેંકતાં કહ્યું કે જો કોઈ પુરાવા આપી શકે તો તેઓ રાજકારણમાંથી નિવૃત્તિ લઈ લેશે. આનાથી વિવાદ વધુ વકર્યો હતો. મંત્રીના નિવેદનનો જવાબ આપવા માટે તેજપ્રતાપે પટણામાં પ્રેસ કોન્ફરન્સ યોજી. તેમણે કહ્યું કે તેઓ આ બાબતનું સત્ય ઉજાગર કરશે.

સંજય સિંહે પૂછ્યું કે બિહારના એક પ્રતિષ્ઠિત પરિવારની પુત્રી ઐશ્વર્યા રાયનું શું થશે, જે આટલા લાંબા સમયથી ન્યાય માટે ઘરે ઘરે ભટકતી રહી છે? જેને તમે આટલું અંધારું બનાવી દીધું છે તેના અંધારાવાળા જીવનનું શું થશે? તમારા સાથે લગ્ન કરનારી અનુષ્કા તેના બાળકના પિતાનાં નામ અને તેના અધિકારો માટે ન્યાયની માંગણી કરી રહી છે. તેના જીવન વિશેના પ્રશ્નોના જવાબ કોણ આપશે? પટનાના ગોલા રોડ પર રહેતી નિર્દોષ મહિલા નિશુ સિંહા સાથેના તમારા સંબંધ અંગે ઊભા થઈ રહેલા પ્રશ્નોના જવાબ શું છે? તેને ક્યારે ન્યાય મળશે? મુઝફ્ફરપુરની મોનિકા મણિ કોણ છે? તેની સાથેના તમારા સંબંધોને લગતા પ્રશ્નો માટે તમારો શું ખુલાસો છે? દિલ્હીની શેરેટન હોટેલમાં તમારી સાથે બે દિવસ વિતાવેલી મહિલાનું શું થશે? શું તેને ન્યાય મળશે? ૧ જાન્યુઆરી, ૨૦૦૮ ના રોજ દિલ્હીના અશોક હોટેલ, કનોટ પ્લેસ અને મહેરૌલી ફાર્મ હાઉસમાં નવા વર્ષની પાર્ટીમાંથી પરત ફરી રહેલી છોકરીઓની છેડતી અંગે ઊભા થયેલા આરોપો અને પ્રશ્નો માટે કોણ જવાબદાર છે? જો પટનામાં ગંગા કિનારે આવેલા રિસોર્ટ અંગે કોઈ મહિલા કે નિર્દોષ વ્યક્તિના જીવન સાથે રમત રમવાની ફરિયાદ કે આરોપ પ્રકાશમાં આવે, તો તેને ન્યાય કોણ આપશે? તમારા પક્ષનાં પ્રવક્તા અનામિકા ઝા સાથે સંબંધ બાંધવા માટે દબાણ કરવાના પ્રયાસ અંગે ઊભા થયેલા આરોપો અને પ્રશ્નો માટે તમારો શું ખુલાસો છે? તમે પોતે ફિલ્મ અભિનેત્રી મલ્લિકા શેરાવત સાથે રીલ્સ બનાવી રહ્યા છો, તેની સાથે જીમમાં જોવા મળો છો અને તમે તેને હોટ અને સેક્સી જેવા શબ્દોથી સંબોધતાં હોવાના વીડિયો પણ સામે આવ્યા છે. બિહારમાં તેજપ્રતાપ યાદવ અને જાહેર આરોગ્ય ઇજનેરી વિભાગના મંત્રી સંજય કુમાર સિંહ વચ્ચેનો રાજકીય વિવાદ હવે કાનૂની તબક્કામાં પહોંચી ગયો છે. સંજય સિંહે તેજપ્રતાપ યાદવને ૫૦ કરોડ રૂપિયાની માનહાનિની નોટિસ મોકલી છે. મંત્રીના વકીલ સુશીલ કુમારે ૩૦ ઓગસ્ટ, ૨૦૨૬ ના રોજ નોટિસ જારી કરી હતી. તેમાં તેજપ્રતાપની સોશિયલ મીડિયા પોસ્ટમાં લગાવવામાં આવેલા આરોપોને ખોટા અને બદનક્ષીભર્યા ગણાવ્યા હતા. નોટિસમાં તેજપ્રતાપ સંબંધિત પોસ્ટ દૂર કરવા, જાહેરમાં બિનશરતી માફી માંગવા અને ભવિષ્યમાં આવી ટિપ્પણીઓ ન કરવાની લેખિત ખાતરી આપવાની માંગણી પણ કરવામાં આવી હતી. સંજય સિંહની નોટિસમાં ફક્ત હોટલ વિવાદનો ઉલ્લેખ નથી, પરંતુ તેજપ્રતાપ સાથે સંકળાયેલા અન્ય વ્યક્તિગત અને રાજકીય વિવાદોનો પણ ઉલ્લેખ છે. નોટિસમાં તેજપ્રતાપને પ્રશ્નો પૂછવામાં આવ્યા છે, જેમાં ઐશ્વર્યા, અનુષ્કા, નિશુ અને મોનિકા સહિત અનેક નામોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. નોટિસમાં પૂછવામાં આવ્યું છે કે આ કેસોમાં તેજ પ્રતાપનો શું ખુલાસો છે અને આ કેસોમાં ન્યાય માંગતી મહિલાઓ માટે ન્યાયની માંગણી કરવામાં આવી છે. નોટિસમાં તેજપ્રતાપને નિશાન બનાવતાં કહેવામાં આવ્યું છે કે જે લોકો કાચના ઘરમાં રહે છે તેમણે બીજા પર પથ્થર ન ફેંકવા જોઈએ.

**- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.**

**છેડતીનો ભોગ બનેલી મોનિકા મણિ બિહારના મુઝફ્ફરપુરની રહેવાસી છે. તે ૨૦૧૭ની મિસિસ ઈન્ડિયા સ્પર્ધામાં બીજા ક્રમે રહી હતી અને તેણે મિસિસ બિહારનો ખિતાબ જીત્યો હતો**

## BUSINESS મિત્ર

**સેન્સેક્સમાં તળિયેથી થોડી રિકવરી છતાં રોકાણકારોના 2.76 લાખ કરોડ રૂપિયા ડુબી ગયા**

# ક્રૂડના ભડકે શેરબજાર ખાડે: સેન્સેક્સ 374 પોઇન્ટ તૂટ્યો

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

**અમદાવાદ, તા. 2:** અમેરિકા અને ઈરાન વચ્ચે ફરી એકવાર યુદ્ધ વધુ ગંભીર બન્યો ત્યારે ક્રુડ ઓઈલ ઉકળ્યું અને આ બંનેએ મળીને વિશ્વભરમાં ખળભળાટ મચાવ્યો હતો. જોકે, બપોર બાદ ક્રુડ ઓઈલના ઉછળેલા ભાવમાં નજીવો પ્રત્યાઘાતી ઘટાડો થતા રીકવરી જોવા મળી હતી, જેના પગલે ભારતીય શેરબજારમાં ઘટાડાથી રીકવર થયો હતો, પણ લાલ નિશાનમાં બંધ રહ્યા હતા.

સેક્ટર વાઈઝ જોઈએ તો આઈટી સેક્ટરનું દબાણ કર્યુ તે રીકવર થઈ શકયું નહીં. ઓટો સેક્ટરમાં વેચવાલી રહી હતી. પ્રાઈવેટ બેન્ક શેરો પણ નબળા પડ્યા હતા. જ્યારે પીએસયુ બેન્ક, રિયલ્ટી અને ઓઈલ એન્ડ ગેસ શેરોમાં સુધારો જોવાયો હતો. જેના લીધે બીએસઈ માર્કેટ કેપ 2.76 લાખ કરોડ રૂપિયાથી વધુનો ઘટાડો થયો છે.

બીએસઈ સેન્સેક્સ 373.93 પોઈન્ટ એટલે કે 0.49 ટકા ઘટીને 76570.35 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 76570 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 76135 પોઈન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 24000 પોઈન્ટની સપાટી તોડી હતી. નિફ્ટી 141.35 પોઈન્ટ એટલે કે 0.59 ટકા ઘટીને 23914.45 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 23914 પોઈન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 23786 પોઈન્ટ સુધી ઘટી હતી. આમ, આજે નિફ્ટીએ ઈન્ટ્રાડેમાં 23800 પોઈન્ટની સપાટી તોડી હતી. બેન્ક નિફ્ટી 237.60 પોઈન્ટ એટલે કે 0.41 ટકા ઘટીને 57172 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઈ ખાતે હેવલ્સ ઈન્ડિયામાં 7.74 ગણા, ભારત ફોર્જમાં 6.11 ગણા, ભારત ફોર્જમાં 6.11 ગણા, ઈન્ફોસીસમાં 4.49 ગણા, ઈન્ટરગ્લોબમાં 4.33 ગણા અને આઈએફસીઆઈમાં 3.85 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે આઈએફસીઆઈમાં 6.51 ગણા, નુવામા વેલ્થમાં 5.43 ગણા, પોલી મેડીક્યોરમાં 4.82 ગણા, યુટીઆઇ એએમસીમાં 4.74 ગણા અને ન્યુ ઈન્ડિયા એન્સ્યોરેન્સમાં 4.46 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં પણ વેચવાલીના દબાણના પગલે નરમાઇ જોવા મળી હતી. બીએસઇ મિડકેપ ઈન્ડેક્સ 0.55 ટકા અને સ્મોલકેપ ઈન્ડેક્સ 0.51 ટકા ઘટ્યા હતા. બીએસઈનું માર્કેટ બ્રેડથ નબળું રહ્યું હતું. બીએસઇ ખાતે 1922 શેરો વધ્યા હતા, જ્યારે 2419 શેરો ઘટ્યા હતા અને 243 શેરો યથાવત રહ્યા હતા.

કોમોડિટીઝ બજારમાં નવેમ્બર 2026ના સેટલમેન્ટ માટે બ્રેન્ટ ક્રુડ 95.13 ડોલર પર પહોંચી ગયો હતો.

નિફ્ટી ઓટો ઈન્ડેક્સ 1.79 ટકા ઘટ્યો હતો. જેમાં હીરો મોટોકોર્પ, આઈશર મોટર્સ, સોના બીએલડબલ્યુ પ્રીસિસન, બોશ, યુનો મિન્ડા, ટયુબ ઈન્વેસ્ટમેન્ટ, એકસાઇડ ઈન્ડ., બજાજ ઓટો, મહિન્દ્રા-મહિન્દ્રા અને અશોક લેલેન્ડ ઘટ્યા હતા.

વૈશ્વિક સ્તરે યુરોપિયન બજારોમાં નરમાઇ જોવા મળી હતી. જ્યારે મોટા ભાગના એશિયન બજારો આજે પણ લાલ નિશાનમાં બંધ રહ્યા હતા. કેમ કે અવિરત વૈશ્વિક બોન્ડ માર્કેટના રૂટને કારણે પ્રવાહિતા અને શેરના મુલ્યાંકન નબળું પાડવાનું ચાલુ રાખ્યું હતું. યુએસ-ઈરાન દુશ્મનાવટને કારણે ક્રુડ ઓઈલના ભાવમાં વધારો થયો હતો અને ફુગાવો અને વૈશ્વિક વૃદ્ધિ દરની ટકાઉપણુ અંગે ચિંતા વધી હતી.

યુરોપિયન બજારોમાં એફટીએસઇ 0.62 ટકા, કેક 0.67 ટકા અને ડેક્સ 0.53 ટકા ઘટાડા સાથે ચાલી રહ્યા છે.




### રૂપિયો બેઉતરફી વધઘટે સપાટ રહ્યો

કરન્સી બજારમાં ડોલરની સામે રૂપિયામાં બેઉતરફી વધઘટ સાથે છેલ્લે સપાટ બંધ રહ્યા હતા. આજે ડોલરની સામે રૂપિયો એક પૈસો ઘટીને 94.97ના સ્તરે બંધ રહ્યા હતા. ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 94.96ના સ્તરે બંધ રહ્યો હતો. અન્ય કરન્સીઓમાં યુરો 110.43, પાઉન્ડ 128.33, કેનેડિયન ડોલર 68.32, ઓસ્ટ્રેલિયન ડોલર 67.42, જાપાનીઝ યેન 0.5949 અને સીંગાપોર ડોલર 74.77ના સ્તરે બંધ રહ્યા હતા.

**ફોરેક્સ બજાર**

| | |
|---|---|
| ડોલર | 94.37 રૂ. |
| યુરો | 110.43 રૂ. |
| પાઉન્ડ | 128.33 રૂ. |
| યેન | 0.5948 રૂ. |

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | -373.93 | 76570.35 |
| નિફ્ટી | -141.35 | 23914.45 |
| બેન્ક નિફ્ટી | -237.60 | 57172.00 |

**નિફ્ટી — ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| કોલ ઇન્ડિયા | 4.05 | 417.85 |
| અદાણી પોર્ટસ | 1.53 | 1672.70 |
| અદાણી એન્ટર | 0.97 | 2891.80 |
| બજાજ ફિનસર્વ | 0.91 | 1990.00 |
| ટીએમપીવી | 0.89 | 312.75 |

**નિફ્ટી — ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| આઇસર મોટર્સ | 3.24 | 7711.50 |
| વિપ્રો | 2.54 | 177.09 |
| મહિન્દ્રા-મહિન્દ્રા | 2.12 | 3190.00 |
| બજાજ ઓટો | 1.87 | 12130.00 |
| એશિયન પેઇન્ટસ | 1.86 | 2527.50 |

**સેન્સેક્સ — ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| અદાણી પોર્ટસ | 1.63 | 1672.90 |
| બજાજ ફિનસર્વ | 1.02 | 1990.00 |
| પાવરગ્રીડ | 1.00 | 267.50 |
| એનટીપીસી | 0.96 | 330.15 |
| ટાઇટન કંપની | 0.70 | 5070.00 |

**સેન્સેક્સ — ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| એશિયન પેઇન્ટસ | 1.61 | 2526.70 |
| મહિન્દ્રા-મહિન્દ્રા | 1.56 | 3191.80 |
| એચડીએફસી બેન્ક | 1.56 | 700.95 |
| એચસીએલ ટેક્નો | 1.49 | 1330.90 |
| ભારત ઇલે. | 1.33 | 405.50 |

**યાર્ન બજાર સુરત** (GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ '' | ૧૪૧ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૮૦.૫ | ૫૦/૩૬ '' | ૧૪૯ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૬૭ |
| ૩૦/૩૬ એફડી | ૨૮૬ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૫૯ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૫૨ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૫૮.૫ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૫૩ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૨૦૫.૨૫ |
| ૬૮/૩૬ | ૧૫૬.૫ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૬૦.૫ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૫૪.૫ | ૧૦૦ ટેક્ષ | ૧૫૨ | ૬૮ ક્રિમ્પ | ૧૫૯ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૫૧.૫ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૫૬ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૫૨.૫ | ૮૦/૭૨ રોટો | ૧૬૦.૫ | ૭૫ ક્રિમ્પ | ૧૫૪ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૬૭ | ૮૦ ક્રિમ્પ | ૧૫૪ |
| ૮૦/૭૨ રોટો. | ૧૫૯.૭૫ | ૧૬૦ ડીસ્કેટ | ૧૬૭ | ૮૦/૭૨ રોટો | ૧૬૦ |
| ૮૦/૩૬ રોટો. | ૧૫૮.૭૫ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૫૪.૨૫ | ૮૦/૧૦૮ '' | ૧૬૦ | ૩૦/૩૬ એફડી | --- |
| | | | | TPM | ૧૫૯ |

**તેલ બજાર સુરત** (૧૫ કિલોના ભાવ)

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૩૧૮૦ | કોપરેલ | ૪૫૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૯૫૦ | વનસ્પતિ ઘી | ૨૫૯૦ |
| સીંગતેલ (૫ લી) | ૯૮૦ | સનફ્લાવર | ૨૫૮૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૮૩૦ | તલતેલ | ૪૫૦૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૬૦૦ | દિવેલ | ૨૫૦૦ |
| કપાસીયા (૫ લિ.) | ૯૩૦ | મકાઇ તેલ | ૨૬૦૦ |
| સરસીયું તેલ | ૨૯૮૦ | | |

**જથ્થાબંધ ખાંડબજાર** (પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.))

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-૩૦ (ભરવાલાયક) | ૫૮૦૦ |
| એમ-૩૦ | ૫૮૦૦ |
| એસ-૩૦ | ૫૭૦૦ |
| **ગુજરાત** | |
| એમ-૩૦ | ૫૫૦૦ |
| એસ-૩૦ | ૫૪૦૦ |

**સોના-ચાંદી સુરત** (ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૫૭૨૪૦ |
| તેજાબી સોનું | ૧૫૭૧૫૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૧૪૯૩૮૦ |
| દાગીના-બીએસઆઈ હોલમાર્ક | ૧૫૪૧૦૦ |
| સોનાનાં બિસ્કીટ | ૧૫૭૨૪૦૦ |
| ચાંદી (૯૯૯) | ૨૩૮૭૦૦ |
| ચાંદી સિક્કા | ૨૪૦૨૦૦ |

# એનએસઇ આઈપીઓના પગલે આઈએફસીઆઈ-ન્યુ ઈન્ડિયા એશ્યોરેન્સના શેર ઉછળ્યા

**સપ્ટેમ્બરમાં** ભારતનો સૌથી મોટો ₹31,500 કરોડનો આઈપીઓ આવવાની અટકળો વચ્ચે હિસ્સાદાર કંપનીઓમાં ભારે લેવાલી, SBI પણ હિસ્સો વેચશે

મુંબઇ, તા. 2: ન્યુ ઈન્ડિયા એશ્યોરેન્સ કંપની અને આઈએફસીઆઈના શેર આજે ખુલતાની સાથે જ ઉછાળો આવ્યો હતો. જેનું કારણ એ ચર્ચા છે કે એનએસઇ આઈપીઓનું ભરણું આ મહિનામાં આવશે. આ સમાચારની પાછળ આ બંને કંપનીના શેરમાં ઉછાળો જોવા મળ્યો હતો. એનએસઇનો આઈપીઓ સપ્ટેમ્બરમાં લોન્ચ થઇ શકે છે. જોકે, આ સમાચારથી હજુય સુધી પુષ્ટિ થઇ નથી. એનએસઇના આઈપીઓ આ મહિને આવવાના અહેવાલ બાદ એનએસઈમાં હિસ્સો ધરાવતી કંપનીઓના શેરમાં મોટાપાયે ખરીદી થઇ હતી. આઈએફસીઆઈનો શેર 10 ટકાથી વધુ ઉછળીને રૂ. 96 અને ન્યુ ઈન્ડિયા ઈન્સ્યોરેન્સ 6 ટકા ઉછળીને રૂ. 197ની આસપાસ બોલાતો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, આઈએફસીઆઈનો એનએસઈમાં 4.4 ટકા હિસ્સો ધરાવે છે. જ્યારે ન્યુ ઈન્ડિયા એશ્યોરેન્સનો એનએસઈમાં 1.42 ટકા હિસ્સો ધરાવે છે. જોકે, એનએસઈના આઈપીઓમાં એસબીઆઈ અને પેટા કંપની એસબીઆઇ કેપિટલ રૂ. 30000 કરોડના આઈપીઓમાં એક ટકા હિસ્સો વેચવાની યોજના ધરાવે છે. એસબીઆઈના ચેરમેન સીએમ શેટ્ટીએ એક ઈન્ટરન્યૂમાં કહ્યું હતું કે, એસબીઆઇ એનએસઇ આઈપીઓમાં ભાગ લેશે. જોકે, એસબીઆઈનો એનએસઈમાં 3.23 ટકા હિસ્સો છે. જ્યારે એસબીઆઇ કેપિટલ માર્કેટસનો એનએસઈમાં 4.33 ટકા હિસ્સો છે.

બ્લુમબર્ગના સમચાર અનુસાર એનએસઈએ સંભવિત રોકાણકારો સાથેની બેઠકોમાં તેના શેર રૂ. 2000-2100 પ્રતિ શેરના ભાવે વેચાઇ દીધા છે. માર્કેટ કેપિટલાઇઝેશનની દ્રષ્ટિએ એનએસઇ વિશ્વનું છઠ્ઠું સૌથી મોટું એક્સચેન્જ હશે. આસરે 55 અબજ ડોલરના મુલ્ય સાથે જો એનએસઇ આઈપીઓમાં 6 ટકા હિસ્સો વેચે છે, તો ઈશ્યૂની સાઈઝ રૂ. 31500 કોરડ હોઈ શકે છે. જે હુન્ડાઇ મોટર ઈન્ડિયાના રૂ. 27870 કરોડના આઈપીઓ કરતા વધારે છે. હુન્ડાઇનો આઈપીઓ 2024માં આવ્યો હતો. આ દેશનો સૌથી મોટો આઈપીઓ છે.

એનએસઇ બીએસઇ સાથે સ્પર્ધા કરે છે. બીએસઇ એશિયનાનું સૌથી જુનુ એકસચેન્જ છે, પરંતુ ટ્રેડિંગ વોલ્યુમની દ્રષ્ટિએ તે એનએસઇ કરતા ઘણો પાછળ છે. બીએસઇના શેર પહેલાથી જ એનએસઇ પર સુચિબદ્ધ છે. બીએસઇના શેરમાં દબાણ જોવા મળ્યું હતું.

# BSEના શેરમાં ઉપલા સ્તરેથી 4%નો મોટો કડાકો

**CAS સેશન** બાદ ટ્રેડિંગ વોલ્યુમ ઘટતા અને બ્રોકરેજીસે ટાર્ગેટ પ્રાઇઝ ઘટાડી રૂ. 4,025 કરતા રોકાણકારોમાં ચિંતા

મુંબઇ, તા. 2: બીએસઇના શેરમાં આજે ઘટાડો જોવાયો હતો, જે ઉપલા સ્તરથી 4 ટકા સુધી ઘટ્યો હતો, જેની પાછળનું મુખ્ય કારણ બીએસઇ મનેજમેન્ટનું એક નિવેદન છે. મુંબઇ સ્ટોક એકસચેન્જે કહ્યું છે કે, કલોઝિંગ ઓકશન સેશન શરૂ થયા બાદ વોલ્યુમમાં ઘટાડો થયો છે.

બીએસઇના મેનેજમેન્ટે વાતચીતમાં જણાવ્યું હતું કે, સીએએસના કારણે એચએફટી, પ્રોપ્રાઇટરી, રિટેલ ટ્રેડર્સની ભાગીદારી ઘટી છે. સીએએસ પછી સહભાગિતા વધારવી મહત્વપુર્ણ છે. આજે બીએસઇના શેરનો ભાવ રૂ. 3252ની ઉંચી સપાટીએ પહોંચ્યો હતો, જે બપોરે 3 ટકા ઘટીને રૂ. 3144ના સ્તરે બંધ રહી હતી.

બીએસઇ મેનેજમેન્ટના નિવેદનની અસર તેના શેર પર પણ પડી હતી કે એનએસઇના શેરોને તેના પોતાના પ્લેટફોર્મ વેપાર કરવાની મંજુરી આપી શકાય છે. અહેવાલો અનુસાર, બીએસઈમાં લિસ્ટેડ થયા પછી એનએસઇના શેરનો ટ્રેડ પરમિટ ટુ ટ્રેડ કેટેગરી દ્વારા તેમના પોતાના એકસચેન્જ પર થઇ શકે છે.

બ્રોકરેજ હાઉસીસનું માનવું છે કે, એનએસઇના આ પગલાથી નાણાકીય વર્ષ 2027માં બીએસઇની કમાણી પર લગભગ 1થી 2 ટકાનો પ્રભાવ પડી શકે છે. આ અંદાજ એક એનાલિસીસ પર આધારિત છે, જેમાં એવું માનવામાં આવ્યું છે કે કેશ માર્કેટનો હિસ્સો વધુ વધશે નહીં.

નુવામા અને જેફરીઝે બીએસઇ શેરો પરના તેમના દ્રષ્ટિકોણને ડાઉનગ્રેડ કર્યો છે. આમ, બીએસઇનો 12 મહિનાની ટાર્ગેટ પ્રાઈસ રૂ. 4850થી ઘટાડીને રૂ. 4025 કરી દીધી છે. જોકે, તેણે આ શેર પરનું બાય રેટિંગ જાળવી રાખ્યું છે. સીએએસ 3 ઓગસ્ટથી શરૂ થયું હતું. તે વ્યવસાયના અંતે એક એક સંક્ષિપ્ત હરાજી છે, જેમાં શેરની બંધ કિંમત નક્કી કરવા માટે ખરીદ અને વેચાણના ઓર્ડર મેળ ખાય છે. આ સીસ્ટમનો ઉપયોગ અન્ય એશિયન બજારોમાં શેરની બંધ કિંમત નક્કી કરવા માટે થાય છે. આમાં, ચીન, તાઈવાન, હોંગકોંગ અને દક્ષિણ કોરિયાના બજારોનો સમાવેશ થાય છે.